# 11 શિકારીને

**કલાપી**



**(જન્મ: 26-01-1874, અવસાન: 09-06-1900)**

તેમનું મૂળ નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ છે. અમરેલી જિલ્લાના લાઠીના રાજવી પરિવારમાં તેમનો જન્મ થયો હતો. 'કલાપીનો કેકારવ' સંગ્રહમાં તેમની કવિ તરીકેની પ્રતિભાનો પરિચય થાય છે. પ્રકૃતિનાં મનોહારી દશ્યો અને માનવહૃદયના ભાવો તેમની કવિતામાં કેન્દ્રસ્થાને છે. 'કાશ્મીરનો પ્રવાસ' તેમનો પ્રવાસગ્રંથ છે.

આ કાવ્યમાં પ્રકૃતિજગત, પ્રાણીજગત સાથેનું સૌહાર્દ અને સૌન્દર્યદૃષ્ટિને આવરી લીધા છે. કાવ્યનાયક યુવાનને વારતાં કહે છે કે, 'તું આ સંહાર રહેવા દે, આ આખું વિશ્વ સંતનો આશ્રમ છે'. વેદોની વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના અહીં વણાયેલી છે. આ સૃષ્ટિમાં પંખી, ફૂલ, ઝરણાં બધું જે છે તે એકરૂપ છે. વળી, સૌન્દર્યનો એક મૂળગામી પ્રશ્ન અહીં છે કે તીરથી મારીને તો માત્ર પક્ષીનું સ્થૂળ શરીર જ મળશે. એનો આત્મા કે એનાં ગીત નહિ મળે. આ જ વાત મનુષ્યને પણ એટલી જ લાગુ પડે છે. સુંદરતા પામવા માટે પહેલાં આપણે સુંદર બનવું પડે. આ માત્ર શરીરની સુંદરતાની વાત નથી, પણ સમગ્ર વ્યક્તિત્વની સુંદરતાની વાત છે. કાવ્યાંતે સમગ્ર સૃષ્ટિ તરફ અનુકંપા રાખવાની વાત કવિએ કહી છે. આ કૃતિ અનુષ્ટુપ છંદમાં રચાયેલ છે.

---

રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
ઘટે ના ક્રૂરતા આવી વિશ્વ આશ્રમ સન્તનું.
પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ, ઝરણાં, તરુ,
ઘટે ના ક્રૂર દૃષ્ટિ અહીં ત્યાં : વિશ્વ સૌન્દર્ય કુમળું.
તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે.
પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને.
સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતાં પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.
સૌન્દર્યે ખેલવું, એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.
રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું.

**('કલાપીનો કેકારવ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**સંહાર**-નાશ, પ્રબળ ઘાત; **રૂડું**-સારું, સુંદર; **આર્દ્રતા**-ભીનાશ, મૃદુતા, માયાળુપણું; **લતા**-વેલ, વેલી; **ઘટવું**-શોભવું; **ત્હને**-તને; **સુણવું**-સાંભળવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સંહાર** × સર્જન; **સ્થૂળ** × સૂક્ષ્મ; **કોમળ** × કઠોર; **આર્દ્ર** × શુષ્ક

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) પંખીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

(A) પંખીનો શિકાર કરવાનું (B) તીર ચલાવવાનું

(C) માળો બનાવવાનું (D) પંખીનાં ગીતને સાંભળવાનું

(2) કવિ નીચેનામાંથી કયો સંદેશો આપે છે ?

(A) સંહાર કરવાનું રહેવા દે.

(B) તું ક્રૂર બન.

(C) તારે સુંદર બનવાની જરૂર નથી.

(D) પ્રકૃતિનો તું નાશ કર.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) કવિની દૃષ્ટિએ પક્ષી ક્યાં મળશે ?

(2) શું કરવાથી પક્ષીનું માત્ર સ્થૂળ શરીર જ મળે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) સૃષ્ટિનું સૌંદર્ય કવિને ક્યાં ક્યાં જોવા મળે છે ?

(2) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

**5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે.''

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- સૌરાષ્ટ્રના પ્રવાસ આયોજનમાં લાઠીમાં આવેલા કલાપી મ્યુઝિયમની મુલાકાત લો.
- વર્ગખંડમાં પ્રકૃતિગીતોની સ્પર્ધા રાખવી.
- કલાપીના જીવન વિશે તૈયાર થયેલી ફિલ્મ મેળવીને જુઓ.
- કલાપી-જયંતીની ઉજવણી કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ ઝરણાં, તરુ'

  આપણે જાણીએ છીએ કે પંખીનું બહુવચનરૂપ પંખી/પંખીઓ થાય છે. ફૂલનું બહુવચનરૂપ ફૂલ/ફૂલો થાય છે. પણ કવિએ તો અહીં આ શબ્દો સાથે 'ડ' વર્ણ ઉમેરી 'આ' પ્રત્યય સાથે 'ફૂલડાં' અને 'પંખીડાં' શબ્દો વાપર્યા છે. આવા શબ્દોથી લાલિત્ય અને આત્મીયતા ઉમેરાયાં છે. પક્ષીઓ અને ફૂલોને જોવાનો નવો અભિગમ પણ અહીં દેખાય છે.

- ''સૌન્દર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,

  સૌન્દર્યો પામતાં પહેલાં, સૌન્દર્ય બનવું પડે.''

  કાવ્યની ધરીરૂપ રહેલી/બનેલી આ પંક્તિઓ એની શબ્દ-પસંદગી અને વિચારબોધ માટે સાહિત્યમાં પણ ચિરંજીવ સ્થાન પામી ચૂકી છે. અહીં 'સૌન્દર્ય' ભાવવાચક સંજ્ઞાનું બહુવચન 'સૌન્દર્યો' યોજાયું છે જે વિચાર માગી લે એવી બાબત છે. 'સૌન્દર્ય' શબ્દનું ત્રણ વખતનું આવર્તન અને એની સાથે 'સુન્દરતા' શબ્દનો વિનિયોગ પંક્તિમાં શબ્દ ચમત્કૃતિ અને ત્યારબાદ અર્થ ચમત્કૃતિ સર્જે છે અને કવિતાને ચિરંજીવ બનાવે છે.

- ''સૌન્દર્યો'' શબ્દના ઉપયોગથી 'વિવિધ રૂપોમાં રહેલી સુંદરતા' એવો પણ સંકેત મળે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

મનુષ્ય પ્રકૃતિ ઉપરનું પોતાનું આધિપત્ય છે તેમ માનીને જીવી રહ્યો છે. મનુષ્ય પોતાના સ્વાર્થ માટે પ્રકૃતિનું નિકંદન કાઢી રહ્યો છે. પશુ, પક્ષી, વૃક્ષો કશું સલામત નથી. પરિણામે અસહ્ય ગરમી, ઓઝોનના પડનું તૂટવું, દુષ્કાળ તો ક્યાંક અકાળે વરસાદ, ધરતીકંપ... આ બધા માટે માનવ દ્વારા થતું પર્યાવરણનું અસંતુલન જવાબદાર છે.

વિદ્યાર્થીઓ પર્યાવરણની જાળવણી કરે, પશુ-પક્ષી અને પ્રાણીઓનો સંહાર ના કરે, વિશ્વગ્રામ/વિશ્વઆશ્રમની ભાવના સમજે તેમ જ 'જીવો અને જીવવા દો'ના સૂત્રને અમલી બનાવે તે માટે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી અને તે અંગેની જવાબદારી સમજાવવી.

'શિકારીને' શીર્ષક અહીં વ્યાપક અર્થમાં સ્વીકાર્ય છે. ફૂલને તોડવું તે પણ ફૂલનો શિકાર છે. પ્રકૃતિનાં તત્ત્વો તરફની સંવેદનશીલતા આ કાવ્યમાં કવિએ વ્યક્ત કરી છે તે તરફ વિદ્યાર્થીઓને અભિમુખ કરવા.

●